કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડિપાર્ટમેન્ટ ઑફ ફિઝિકલ એજ્યુકેશન અને એનએસએસ વિભાગના સંયુક્ત ઉપક્રમે

# નૅશનલ સ્પોર્ટ્સ ડે પ્રસંગે ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ






કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડિપાર્ટમેન્ટ ઑફ ફિઝિકલ એજ્યુકેશન અને એનએસએસ વિભાગના સંયુક્ત ઉપક્રમે નૅશનલ સ્પોર્ટ્સ ડે પ્રસંગે ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ યોજવામાં આવી હતી. અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના એનએસએસ યુનિટ, એલડીઆરપી ઈન્સ્ટિટ્યુટ કૉલેજના એનએસએસ યુનિટ, એમ એમ પટેલ સાયન્સ કૉલેજના એનએસએસ યુનિટના સ્વયંસેવકો ઉપરાંત ખેલાડીઓ જોડાયા હતા. ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે કડી સર્વ વિશ્વવિદ્યાલય રમતગમત વિભાગના ડિરેક્ટર ડૉ. રણછોડ રથવી, પ્રૉ. નૌરિન વૈપન્ના, પ્રૉ. હરેશ વનાર, હર્ષ પટેલ, હર્ષદ ચૌધરીએ મહત્ત્વનો ફાળો આપ્યો હતો. વિદ્યાર્થીઓએ ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ માટેના શપથ પણ ગ્રહણ કર્યા હતા.

## જન્મદિને વધામણી



જૈસ્વી ગૌરવકુમાર પટેલ
મો. ૯૫૫૮૫ ૧૭૧૬૭

## નૅશનલ સિલેક્શન માટે ચેસ સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા. ૩

ગુજરાત સ્ટેટ અન્ડર-૧૯ (ઓપન અને ગર્લ્સ) સિલેક્શન ફોર નેશનલ ચેસ ચેમ્પિયનશીપ રાઈફલ કલબ, ખાનપુર, અમદાવાદ ખાતે યોજાઈ હતી, જેમાં ૧૧૩ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો.

ઓપન વિભાગમાં અનુક્રમે જૉય પંકજ શાહ, સાહિલ સાગર સમદાણી, આદિત્ય મેલાણી, ઉદિત કામદાર, નૈતિક મહેતા, કર્તવ્ય અનડકટ અને રાજ ડી વ્યાસ તથા ગર્લ્સ વિભાગમાં અનુક્રમે ઉર્વિ પરીખ, આન્યા અગ્રવાલ, રિદ્ધિ પટેલ, નંદિની મુદલિયાર, ફલક જોની નાઈક, માહી દોષી અને વૃષ્ટિ શાહ વિજેતા બન્યાં હતાં.

બંને કેટેગરીના વિજેતાઓ વચ્ચે રૂા. ૧૫ હજારનાં ઈનામો વહેંચવામાં આવ્યાં હતાં.

ગુજરાત સ્ટેટ ચેસ એસોસિએશનના સેક્રેટરી રાજેશ ચાવડા, સીઈઓ ભાવેશ પટેલ અને રાઈફલ કલબના સેક્રેટરી મનિષ પટેલે વિજેતાઓ ખેલાડીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. ઉલ્લેખનીય છે કે પ્રત્યેક કૅટેગરીમાંથી પ્રથમ ચાર ક્રમે વિજેતા ખેલાડીઓ હરિયાણા ખાતે યોજાઈ રહેલી નૅશનલ ટુર્નામૅન્ટમાં ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે.

## સાહિત્યસફરમાં ગુરુવારે પ્રફુલ્લ રાવલ

ગાંધીનગર, તા. ૩

ઓમ કૉમ્યુનિકેશન દ્વારા કવિ જયંત ડાંગોદરા અને કવિશ્રી પ્રતાપસિંહ ડાભી 'હાકલ'ના સહયોગથી પાંચમી સપ્ટેમ્બર ને ગુરુવારના રોજ સાંજે ૫-૩૦ કલાકે, મિલ ઑનર્સ બિલ્ડિંગ ઑડિટોરિયમ (આત્મા હૉલ), આશ્રમ રોડ, અમદાવાદ ખાતે કવિ, નિબંધકાર, ચરિત્રકાર, વાર્તાકાર, વિવેચક, અનુવાદક, સંપાદક પ્રફુલ્લ રાવલ 'આનંદશર્મન'ના ૭૨મા જન્મદિન પ્રસંગે સાહિત્યસફર 'શબ્દજયોતિ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે પ્રફુલ્લ રાવલ પોતાનાં જીવન-કવન વિશે વક્તવ્ય આપશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક 'શ્વેત' કરશે. આ કાર્યક્રમને માણવા કોઈ પ્રવેશ ફી રાખવામાં આવી નથી.

## ગાંધીનગર શહેરની કલાકાર યુવતિ દ્વારા પોલીસ કર્મીઓ સાથે જન્મદિન ઉજવણી



ગાંધીનગર શહેરની સિનિયર અદાકારા, ઉદ્‌ઘોષક દિપલ પરમારે પોતાનો જન્મદિવસ સોમવારે ફરજરત પોલીસ કર્મચારીઓ સાથે ઉજવ્યો હતો. પોલીસ કર્મચારીઓને સાથે રાખીને જ દિપલે કેક કાપી હતી અને તેમને કેક ખવડાવી મોં મીઠું કરાવ્યું હતું. જી ઈ ક્લબ સંચાલિત બ્લ્યૂ બબલ્સ ઍકેડેમીના ડિરેક્ટર કશ્યપ નિમાવત અને ગાયક સાગર દેસાઈએ આ અનોખા ઉપક્રમમાં દિપલને સાથ આપ્યો હતો.

## બૅન્ક ઑફ ઈન્ડિયા દ્વારા સ્થાપના દિવસની ઉજવણીનો આરંભ કરાયો

ગાંધીનગર, તા. ૩

બૅન્ક ઑફ ઈન્ડિયાના સ્થાપના દિવસની ઉજવણી દેશનાં વિવિધ શહેરોની માફક ગાંધીનગર ખાતે પણ કરવામાં આવી રહી છે. આ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

તા. ૩જી સપ્ટેમ્બરના રોજ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ જી ઈંગ્લિશ મીડિયમ પ્રાઈમરી સ્કૂલ ખાતે ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૩૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

તા. ૪થીના રોજ સાંજે ચાર કલાકે બૅન્ક ઑફ ઈન્ડિયા, ગાંધીનગર ખાતે કસ્ટમર મીટનું આયોજન કરવામાં આવ્યું છે.

પાંચમી સપ્ટેમ્બરે સવારે ૯થી બપોરના બે કલાક દરમિયાન બૅન્ક ખાતે ફ્રી મૅડિકલ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. બ્લડપ્રેશર, આંખો અને બ્લડ-શ્યુગરની તપાસ આ કૅમ્પ અંતર્ગત કરવામાં આવશે.

# ૮મીથી અમદાવાદમાં પુષ્કર મેળાની તસવીરોનું પ્રદર્શન





ગાંધીનગર, તા. ૩

ગુજરાતના પાડોશી રાજ્ય રાજસ્થાનમાં કાર્તિક પૂર્ણિમાના પવિત્ર દિવસે પુષ્કરનો મેળો યોજાય છે. અહીં સ્થિત બ્રહ્માજીનું મંદિર એ બ્રહ્માજીનું વિશ્વમાં એકમાત્ર મંદિર છે, જ્યાં મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ આવી ધન્યતા અનુભવે છે.

મેળામાં દર્શનાર્થીઓની સંખ્યા અનેકગણી વધી જાય છે. આ મેળો રાજસ્થાનની સંસ્કૃતિનો અહેસાસ કરાવે છે. હજારોની સંખ્યામાં ઊંટ તથા ઘોડાની લે-વેચ આ મેળામાં થાય છે. આ કારણે આ મેળો કૅમલ ફૅસ્ટિવલના નામે પણ પ્રસિદ્ધ છે.

મેળા દરમિયાન અહીં અનેક પ્રકારની સ્પર્ધાઓ સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાય છે. દેશ સાથે વિદેશના પર્યટકો માટે પણ આ મેળાનું મોટું આકર્ષણ છે.

આ ભાતીગળ રાજસ્થાની સંસ્કૃતિથી આકર્ષાઈને ભારત સહિત વિશ્વના ફોટોગ્રાફર્સ મોટી સંખ્યામાં અહીં ફોટોગ્રાફી કરવા માટે આવે છે. આ પૈકી મધુરમ હેડમ્બા, રાજ પટેલ, હિમાંશુ પરમાર, જગદીશ મેવા, ભાર્ગવ જોષી, જયેશ વાલા, ગૌતમ ગોહિલ અને શૈલેષ પરમાર દ્વારા કચકડે કંડારવામાં આવેલી તસવીરોનું પ્રદર્શન આગામી તા. ૮થી ૧૧ સપ્ટેમ્બર દરમિયાન રવિશંકર રાવલ કલાભવન, લૉ ગાર્ડન પાસે, એલિસબ્રિજ, અમદાવાદ ખાતે યોજવામાં આવ્યું છે. ૭મી સપ્ટેમ્બર ને શનિવારે સાંજે ૫.૦૦ કલાકે આ પ્રદર્શનનો ઉદ્‌ઘાટન સમારોહ યોજવામાં આવ્યો છે. પ્રસિદ્ધ કવિ અને ચિત્રકાર માધવ રામાનૂજ, ફોટોગ્રાફર વ્રજભાઈ મિસ્ત્રી, નવજીવન ટ્રસ્ટના મૅનેજિંગ ટ્રસ્ટી અને ખ્યાત ફોટોગ્રાફર વિવેક દેસાઈ અને ગુજરાત વિદ્યાપીઠના ઑડિયો-વિઝ્યુઅલ ડિપાર્ટમૅન્ટના હેડ આલાપ બ્રહ્મભટ્ટ આ પ્રસંગે ઉપસ્થિત રહેશે.

ફોટોગ્રાફી પ્રદર્શન સવારે તારીખ ૮થી ૧૧ સપ્ટેમ્બર દરમિયાન બપોરના ૧૨થી સાંજના ૮ વાગ્યા સુધી ફોટોગ્રાફીના સૌ રસિકો માટે ખુલ્લું રહેશે.

## શરમાળપણારૂપી ઢાલ

॥ બીજો મણકો ॥

વિલાયતમાં જાહેરમાં બોલવાનો છેલ્લો પ્રયત્ન મારે વિલાયત છોડતાં કરવો પડ્યો હતો. વિલાયત છોડતાં પહેલાં અન્નાહારી મિત્રોને હૉબર્ન ભોજનગૃહમાં ખાણા સારુ નોતર્યા હતા. મને લાગ્યું કે અન્નાહારી ભોજનગૃહોમાં તો અન્નાહાર મળે જ પણ જ્યાં માંસાહાર થતો હોય તેવા ભોજનગૃહમાં અન્નાહારનો પ્રવેશ થાય તો સારું. આવો વિચાર કરી આ ગૃહના વ્યવસ્થાપક સાથે ખાસ બંદોબસ્ત કરી ત્યાં ખાણું આપ્યું. આ નવો અખતરો અન્નાહારીઓમાં પંકાયો, પણ મારી તો ફજેતી જ થઈ. ખાણાંમાત્ર ભોગને અર્થે જ થાય છે. પણ પશ્ચિમમાં તો તેને એક કળા તરીકે કેળવેલ છે. ખાણાંને વખતે ખાસ શણગાર, ખાસ દમામ થાય છે. વળી વાજાં વાગે, ભાષણો થાય. આ નાનકડા ખાણામાંયે એ બધો આડંબર હતો જ. મારો ભાષણ કરવાનો સમય આવ્યો. હું ઉભો થયો. ખૂબ વિચારીને બોલવાનું તૈયાર કરી ગયો હતો. થોડાં જ વાક્યો રચ્યાં હતાં. પણ પહેલા વાક્યથી આગળ ચાલી જ ન શક્યો. ઍડીસન વિષે વાંચતાં તેની શરમાળ પ્રકૃતિને વિષે વાંચેલું. આમની સભાના તેના પહેલા ભાષણને વિષે એમ કહેવાય છે કે, તેણે 'હું ધારું છું,' 'હું ધારું છું,' 'હું ધારું છું,' એમ ત્રણ વાર કહ્યું, પણ પછી તે આગળ ન વધી શક્યો. અંગ્રેજી શબ્દ જેનો અર્થ 'ધારવું' છે તેનો અર્થ 'ગર્ભ ધારણ કરવો' પણ છે. તેથી જ્યારે ઍડીસન આગળ ન ચાલી શક્યો ત્યારે આમની સભામાંથી એક મશ્કરો સભ્ય બોલી ઊઠ્યો કે, 'આ ગૃહસ્થે ત્રણ વાર ગર્ભ ધારણ કર્યો, પણ કંઈ ઉત્પન્ન તો ન જ કરી શક્યા!' આ કહાણી મેં વિચારી રાખી હતી અને ટૂંકું વિનોદી ભાષણ કરવા ધાર્યું હતું. તેથી મેં મારા ભાષણનો આરંભ આ કહાણીથી કર્યો, પણ ત્યાં જ અટક્યો. વિચારેલું બધું વીસરાઈ ગયું ને વિનોદ તથા રહસ્યયુક્ત ભાષણ કરવા જતાં હું પોતે વિનોદનું પાત્ર બન્યો. 'ગૃહસ્થો, તમે મારું આમંત્રણ સ્વીકાર્યું તેને સારુ મારા આભાર માનું છું,' એમ કહીને મારે બેસી જવું પડ્યું!




આ શરમ છેક દક્ષિણ આફ્રિકામાં છૂટી એમ કહેવાય. તદ્દન છૂટી છે એમ તો હજુયે ન કહેવાય. બોલતાં વિચાર તો થાય જ. નવા સમાજમાં બોલતાં સંકોચાઉં. બોલવામાં છટકાય તો જરૂર છટકી જાઉં. અને મંડળમાં બેઠો હોઉં તો ખાસ વાત કરી જ ન શકું અથવા વાત કરવાની ઈચ્છા થાય એવું તો આજે પણ નથી જ.




પણ આવી શરમાળ પ્રકૃતિથી મારી ફજેતી થવા ઉપરાંત મને નુક્સાન થયું નથી. ફાયદો થયો છે, એમ હવે જોઈ શકું છું. બોલવાનો સંકોચ મને પ્રથમ દુઃખકર હતો તે હવે સુખકર છે. મોટો ફાયદો તો એ થયો કે, હું શબ્દોની કરકસર શીખ્યો. માર વિચારો ઉપર કાબૂ મેળવવાની ટેવ સહેજે પડી. મને હું એવું પ્રમાણપત્ર સહેજે આપી શકું છું કે, મારી જીભ કે કલમમાંથી વિચાર્યા વિના કે માપ્યા વિના ભાગ્યે જ કોઈ શબ્દ નીકળે છે. મારાં ભાષણ કે લખાણમાંના કોઈ ભાગને સારુ મને શરમ કે પશ્ચાતાપ કરવાપણું છે એવું મને સ્મરણ નથી, અનેક ભયોમાંથી હું બચી ગયો છું, ને મારો ઘણો વખત બચી ગયો છે એ વળી અદકો લાભ.

અનુભવે મને એ પણ બતાવ્યું છે કે સત્યના પૂજારીએ મૌનનું સેવન કરવું ઘટે છે. જાણ્યેઅજાણ્યે પણ મનુષ્ય ઘણી વેળા અતિશયોક્તિ કરે છે અથવા જે કહેવા યોગ્ય હોય તે છુપાવે છે કે જુદી રીતે કહે છે. આવાં સંકટોમાંથી બચવાને ખાતર પણ અલ્પભાષી થવું આવશ્યક છે. થોડું બોલનાર વગરવિચારે નહીં બોલે; પોતાના દરેક શબ્દને તોળશે. ઘણી વેળા માણસ બોલવાને અધીરો બને છે. 'મારે પણ બોલવું છે' એવી ચિઠ્ઠી ક્યા પ્રમુખને નહીં મળી હોય? પછી તેને વખત આપવામાં આવ્યો હોય તે તેને સારુ પૂરતો નથી થતો, વધારે બોલવા દેવા માગણી કરે છે, ને છેવટ રજા વિના પણ બોલ્યા કરે છે! આ બધાના બોલવાથી જગતને લાભ થયેલો ભાગ્યે જ જોવામાં આવે છે. તેટલા વખતનો ક્ષય થયેલો તો સ્પષ્ટ જોઈ શકાય છે. એટલે, જોકે આરંભમાં મારું શરમાળપણું મને ડંખતું છતાં આજે તેનું સ્મરણ મને આનંદ આપે છે. એ શરમાળપણું મારી ઢાલ હતી. તેનાથી મને પરિપક્વ થવાનો લાભ મળ્યો. મારી સત્યની પૂજામાં મને તેથી સહાય મળી.

સૌજન્ય : સત્યના પ્રયોગો

# જ્ઞાનયજ્ઞના પુરોહિતની જીવનકથાનો સફળ અને આર્થિક આલેખ




ગુજરાતે અનેક મહામુલાં માનવરત્નોની ભેટ સમગ્ર દેશને તથા વિશ્વને આપી છે. વિવિધ ક્ષેત્રોમાં પ્રતિભા ધરાવતા આ ગુજરાતી મહાનુભાવોએ તેમના યોગદાનથી જગતને વધારે રળિયામણું બનાવ્યું છે. તેમાં વિશ્વકોશના સર્જક, એક તેજસ્વી તેમજ અહર્નિશ અભ્યાસુ તરીકે આપણી સામે પ્રેરણાસ્ત્રોત સમા 'જ્ઞાનયજ્ઞના આચાર્ય'ની વાત કરવી છે. 'જ્ઞાનયજ્ઞના આચાર્ય' (ધીરુભાઈ ઠાકર) પુસ્તકના લેખક મણિલાલ હ. પટેલ છે. જે આપણા સુખ્યાત સર્જક-વિવેચક અને ધીરુભાઈ ઠાકરના વિદ્યાર્થી પણ રહ્યા છે, તે વિશેષ સુયોગ પણ છે. આ પુસ્તકનાં ૧૨૪ પાનાંમાં તેમણે ધીરુભાઈ ઠાકરના શૈશવ, પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ, કૉલેજનાં વર્ષો, ઘડતર કાળ, ગુજરાત કૉલેજ, મદાવાદ વિદ્યાયજ્ઞના આચાર્ય મોડાસા, જ્ઞાનયજ્ઞના પુરોહિત તેમજ વિશવ કોષ વિશેષ જેવાં પ્રકરણો પાડી તેમની આ જીવનકથા, એમના સાડાનવ દાયકા (૯૫ વર્ષ)ના સફળ અને સાર્થક જીવનનો રસપ્રદ આલેખ રજૂ કર્યો છે.

આપણા શિક્ષણ-સમાજનું દસ્તાવેજીકરણ છતાં રસાળ શૈલીમાં અહીં ઉપસતું ચિત્ર આસ્વાદ્ય હોવા સાથે પેઢીઓ માટે પ્રેરક છે. ધીરુભાઈ સતત વિદ્યાવ્યાસંગી આચાર્ય રહ્યા હતા. વિશ્વની સચરાચર સૃષ્ટિનું અને માનવવિદ્યાઓ તથા શાસ્ત્રોનું સકળ




જ્ઞાન ગુજરાતી ભાષામાં અવતારવાનું ભગીરથ કાર્ય 'વિશ્વકોશ' (૨૫ ગ્રંથ) સ્વરૂપે ગુજરાતને સમર્પિત કરનાર આ ઋષિતુલ્ય પ્રતિભાપુરુષનું જીવન મિશન પણ આ જીવનકથા દ્વારા સહુને સુલભ થયું છે એ એક વિરલ સુયોગ છે. ધીરુભાઈના બધાં જ પુસ્તકોમાંથી પસાર થઈને એમણે ધીરુભાઈના જીવનની સાતત્યપૂર્ણ જ્ઞાનોપાસનાને આવરીને આ જીવનકથા આલેખઈ છે. પુસ્તકમાં પરિશિષ્ટરૂપે ડૉ. ધીરુભાઈ ઠાકરની કૃતિઓની સંપૂર્ણ સૂચિ પણ આપવામાં આવેલી છે.

તેથી જ લેખકના નિવેદનમાં મણિલાલ હ. પટેલ જણાવે છે કે 'પરિશ્રમ કરીને સફળતા મેળવનારા લોકો તો ઘણા બધા હોવાના પણ જીવનમાં સફળતા કરતાંય વધુ માહાત્મ્ય તો સાર્થકતાનું છે. સાર્થક્ય તો સહજપણે થતી સાતત્યપૂર્વકની તપશ્ચર્યાનું પરિણામ છે. એ તો વિરલ વ્યક્તિ જ પામી શકે. ધીરુભાઈ ઠાકરની સાતત્યપૂર્ણ જ્ઞાનોપાસના નિશ્ચિત દિશામાં અને સમગ્ર પ્રજાજીવનના હિતમાં આગળ વધતી વધતી કશા પણ અભિનિવેશ વિના, જીવન સાર્થક્યની પરાકાષ્ઠાએ પહોંચી છે. એમની નિષ્ઠા અને નિસ્બતભરી વ્યક્તિમત્તા અને જ્ઞાનસાધનાને આલેખવાનો મારો વિનમ્ર પ્રયાસ હવે વાચકોના હાથમાં છે. આ જીવનકથા લેખન માટે મુખ્ય આધારસ્ત્રોત તરીકે ધીરુભાઈ ઠાકર લિખિત 'સ્મરણ માધુરી' (૨૦૦૮)નો ઉપયોગ થયો છે. માધુરી શ્રેણીના બીજા આઠ ગ્રંથોમાંથી લેખક પસાર થયા છે. તે ઉપરાંત તેમનાં પરિવારજનો, વિશ્વકોશ પરિવાર તથા એમના વાચકો-ચાહકો-વિદ્યાર્થીઓ અને અનેક પ્રશંસકોનો સંપર્ક લેખકને ઉપયોગી નીવડ્યો છે. ધીરુભાઈની મૂલ્યનિષ્ઠા વિશેની મક્કમતાને નારણ દેસાઈએ વખાણી છે. તો વળી પુસ્તકમાં ધીરુભાઈ ઠાકરની સ્મૃતિને દર્શાવતી શ્વેત-શ્યામ અને રંગીન તસવીરો પુસ્તકનું ઘરેણું બની છે. શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ વિદ્યા વિસ્તાર ગ્રંથ શ્રેણી-૧૪ અન્વયે પ્રગટ થયેલ આ મહત્ત્વપૂર્ણ પુસ્તક 'જ્ઞાનયજ્ઞના આચાર્ય' માટે તેના લેખક મણિલાલ હ. પટેલને અભિનંદન પાઠવું છું અને પુસ્તકને આવકારું છું.

જ્ઞાનયજ્ઞના આચાર્ય
લેખક : મણિલાલ હ. પટેલ
પ્રકાશક : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ : ૨૦૧૯, કિંમત : રૂા. ૧૨૦/-